www.kamalamgujarat.com

Tuesday
10.11.2020

*Volume :5 * Issue No. 86

Email.: kamalamgujarat@gmail.com

*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

વંદે માતરમ્

# કમલમ્

વંદે માતરમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક

GUJGUJ/2016/73451


*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



### પ્રધાનમંત્રીએ વારાણસીમાં વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

# વારાણસીનું જોડાણ હંમેશા સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા રહી છેઃ પ્રધાનમંત્રી

### દિવાળીમાં સ્થાનિક ચીજવસ્તુઓની ખરીદીને પ્રોત્સાહન આપવા અપીલ કરી



કમલમ દૈનિક,


પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સ દ્વારા વારાણસીમાં વિવિધ વિકાસલક્ષી પરિયોજનાઓનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો હતો. પ્રધાનમંત્રીએ આજે રૂ. ૨૨૦ કરોડના મૂલ્યની ૧૬ યોજનાઓ શરૂ કરાવી હતી અને જાણકારી આપી હતી કે વારાણસીમાં રૂ. ૪૦૦ કરોડના મૂલ્યની ૧૪ અન્ય યોજનાઓ પર કામગીરી શરૂ થઈ ગઈ છે. ઉદ્ઘાટન કરવામાં આવેલી વિવિધ પરિયોજનામાં સારનાથ લાઈટ એન્ડ સાઉન્ડ શો, લાલબહાદુર શાસ્ત્રી હોસ્પિટલ રામનગરનું અપગ્રેડેશન, સીવરેજ સાથે સંબંધિત કાર્યો, ગાયના રક્ષણ અને સંરક્ષણ માટે માળખાગત સુવિધાઓ, બિયારણનો સંગ્રહ કરવા માટે બહુહેતુક બિયારણ સંગ્રહસ્થાન, ૧૦૦ એમટીની ક્ષમતા ધરાવતું કૃષિ ઉત્પાદનનો સંગ્રહ કરવા માટેનું ગોદામ, આઈપીડીએસનો બીજો તબક્કો, સંપૂર્ણાનંદ સ્ટેડિયમમાં ખેલાડીઓ માટે એક રહેણાક સંકુલ, વારાણસી સિટી સ્માર્ટ લાઈટિંગ વર્ક તેમજ ૧૦૫ આંગણવાડી કેન્દ્રો અને ૧૦૨ ગૌઆશ્રય કેન્દ્રો સામેલ છે. પ્રધાનમંત્રીએ આ કાર્યક્રમને સંબોધન કરતાં જણાવ્યું હતું કે વારાણસી શહેર અને આસપાસના વિસ્તારોમાં પ્રવાસન પણ શહેરની વિકાસયોજનાઓનો ભાગ છે. તેમણે કહ્યું હતું કે આ વિકાસલક્ષી યોજનાઓ વારાણસીમાં કેવી રીતે ગંગા નદીની સાફસફાઈ, આરોગ્ય સેવાઓ, માર્ગ, માળખાગત સુવિધાઓ, પ્રવાસન, વીજળી, યુવાનો સાથે સંબંધિત બાબતો, રમતગમત, ખેડૂત વગેરે જેવા દરેક ક્ષેત્રમાં વિકાસની ગતિનો લાભ મેળવે છે તે તેનું ઉદાહરણ છે. તેમણે જાહેરાત કરી હતી કે આજે ગંગા કાર્યયોજના અંતર્ગત સીવરેજ ટ્રીટમેન્ટ પ્લાન્ટનું નવીનીકરણ પૂર્ણ થયું છે. તેમણે વારાણસીમાં હાથ ધરવામાં આવતા માળખાગત કાર્યો વિશે જાણકારી આપી હતી, જેમ કે વિવિધ ઘાટનું સુશોભન, પ્રદૂષણ ઘટાડવા સીએનજીની શરૂઆત, દશાશ્વમેધ ઘાટ પર ટૂરિસ્ટ પ્લાઝા. પ્રધાનમંત્રીએ ઉમેર્યું હતું કે ગંગા નદીને સ્વચ્છ કરવા માટેના આ પ્રયાસો કાશી માટે સંકલ્પ પણ છે અને કાશીના યુવાનો માટે નવી તકોનો માર્ગ પણ છે. અહીં તબક્કાવાર રીતે વિવિધ ઘાટની સ્થિતિ સુધરી રહી છે. તેમણે જણાવ્યું હતું કે ગંગા નદી પરના વિવિધ ઘાટોની સ્વચ્છતા અને સુંદરતા સાથે સારનાથને પણ નવો લૂક મળ્યો છે. તેમણે કહ્યું હતું કે આજે શરૂ થયેલા લાઈટ એન્ડ સાઉન્ડ પ્રોગ્રામ સારનાથની ભવ્યતામાં વધારો કરશે.

પ્રધાનમંત્રીએ જાહેરાત કરી હતી કે આજે કાશીનો મોટો ભાગ લટકતાં ઈલેક્ટ્રિક વાયરોની સમસ્યામાંથી મુક્ત પણ થઈ રહ્યો છે. અંડરગ્રાઉન્ડ વાયર પાથરવાનો અન્ય એક તબક્કો આજે પૂર્ણ થયો છે. તેમણે જણાવ્યું હતું કે આ ઉપરાંત સ્માર્ટ એલઈડી લાઈટ શેરીઓને રોશન કરશે અને એની સુંદરતામાં વધારો કરશે. પ્રધાનમંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે સરકારે વારાણસીનું જોડાણ વધારવા હંમેશા પ્રાથમિકતા આપી છે. તેમણે કહ્યું હતું કે નવી માળખાગત સુવિધાઓનું નિર્માણ થઈ રહ્યું છે, જેથી કાશીના લોકો અને પ્રવાસીઓનો ટ્રાફિક જામમાં સમય વેડફાય નહીં. તેમણે શહેરની સાથે બાબતપુરને જોડતા માર્ગને વારાણસીની નવી ઓળખ પણ ગણાવ્યો હતો. તેમણે વારાણસી એરપોર્ટમાં બે પેસેન્જર બોર્ડિંગ પુલનું ઉદ્ઘાટન કર્યું હતું અને આ પુલને જરૂરી ગણાવ્યાં હતાં, કારણ કે છ વર્ષ અગાઉ વારાણસીમાંથી દરરોજ ૧૨ ફ્લાઈટનું સંચાલન થતું હતું, જે અત્યારે વધીને ૪૮ થઈ છે. તેમણે જણાવ્યું હતું કે, વારાણસીમાં આધુનિક માળખાગત સુવિધા અહીંના રહેવાસીઓ અને પ્રવાસીઓ એમ બંને પ્રકારના લોકો માટે જીવનને સરળ બનાવે છે. તેમણે વારાણસી શહેરમાં હાથ ધરવામાં આવેલા માર્ગ સંબંધિત માળખાગત કાર્યોનો ઉલ્લેખ કર્યો હતો. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે છેલ્લાં ૬ વર્ષથી વારાણસીમાં સ્વાસ્થ્યલક્ષી માળખાગત સુવિધાઓ પર પણ અભૂતપૂર્વ કામગીરી થઈ છે. તેમણે રામનગરમાં લાલબહાદુર શાસ્ત્રી હોસ્પિટલના આધુનિકીકરણ જેવા આરોગ્યલક્ષી માળખાનો ઉલ્લેખ પણ કર્યો હતો. પ્રધાનમંત્રીએ ટિપ્પણી કરી હતી કે અત્યારે વારાણસીમાં સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે તથા પૂર્વાંચલ સહિત સંપૂર્ણ પૂર્વ ભારતને લાભ થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે, હવે પૂર્વાંચલના લોકોને નાની-નાની જરૂરિયાતો માટે દિલ્હી અને મુંબઈ જવાની જરૂર નહીં પડે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે વારાણસી અને પૂર્વાંચલના ખેડૂતો માટે ગોદામથી લઈને પરિવહન સુધીની ઘણી સુવિધાઓ અહીં ઊભી કરવામાં આવી છે, જેમ કે સેન્ટર ઓફ ધ ઈન્ટરનેશનલ રાઈસ ઈન્સ્ટિટ્યૂટ, મિલ્ક પ્રોસેસિંગ યુનિટ, ઝડપથી બગડી જતી ચીજવસ્તુઓના કાર્ગો કેન્દ્રનું નિર્માણ વગેરે. તેમણે કહ્યું હતું કે, આ પ્રકારની સુવિધાઓ ઊભી થવાથી ખેડૂતોને ઘણો લાભ થઈ રહ્યો છે. તેમણે ખુશી વ્યક્ત કરી હતી કે ચાલુ વર્ષે વારાણસી વિસ્તારમાંથી પહેલી વાર ફળફળાદિ, શાકભાજીઓ અને ડાંગરની વિદેશમાં નિકાસ થઈ છે. તેમણે કહ્યું હતું કે આજે ૧૦૦ એમટીની સંગ્રહક્ષમતા ધરાવતા ગોદાનનું ઉદ્ઘાટન થયું છે, જે કાશીમાં ખેડૂતો માટે સંગ્રહસુવિધાઓ વધારશે. તેમણે જણાવ્યું હતું કે જનસામાં બહુહેતુક બિયારણ ગોદામ અને વિતરણ કેન્દ્રનું ઉદ્ઘાટન થયું છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે આત્મનિર્ભર ભારત અભિયાનના મોટા આધારસ્તંભો ગ્રામીણ ગરીબો અને ખેડૂતો છે તથા તેઓ જ આ અભિયાનના સૌથી મોટા લાભાર્થીઓ પણ છે. તેમણે કહ્યું હતું કે, કૃષિ ક્ષેત્રમાં તાજેતરમાં હાથ ધરવામાં આવેલા સુધારાનો લીધો ફાયદો ખેડૂતોને થઈ રહ્યો છે. તેમણે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી સ્વનિધિ યોજના અંતર્ગત આજે ફેરિયાઓને સરળ લોન મળી રહી છે, જેથી રોગચાળા પછી તેઓ તેમના ધંધાપાણી ફરી શરૂ કરી શકે. પ્રધાનમંત્રીએ કહ્યું હતું કે ગામડામાં રહેતા લોકોને તેમની જમીન અને ઘરમાં રહેવા માટેના કાયદેસર અધિકારો પ્રદાન કરવા 'સ્વામિત્વ યોજના' શરૂ કરવામાં આવી છે. તેમણે જણાવ્યું હતું કે આ યોજના અંતર્ગત પ્રોપર્ટી કાર્ડ ઈશ્યૂ કર્યા પછી ગામડાઓમાં મિલકત સાથે સંબંધિત વિવાદો માટેનો અવકાશ નહીં રહે. તેમણે ઉમેર્યું હતું કે ગામડાની જમીન કે ઘર પર બેંકમાંથી લોન મેળવવી સરળ બની રહેશે. પ્રધાનમંત્રીએ દિવાળી, ગોવર્ધન પૂજા અને ભાઈબીજની લોકોની શુભેચ્છા પાઠવી હતી તથા દિવાળીમાં સ્થાનિક ઉત્પાદનોની ખરીદી કરીને પ્રોત્સાહન આપવા અપીલ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે એનાથી સ્થાનિક ઓળખ વધારે મજબૂત બનશે.

### પર્યાવરણ સુરક્ષા સાથે પ્રદૂષણ ઘટાડવા CNGના ઉપયોગ અને સરળ ઉપલબ્ધિની મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીની નવતર પહેલ

# પર્યાવરણ સંતુલન અને વિકાસની ગતિ જારી રાખી પ્રદૂષણ-ગ્લોબલ વોર્મિંગ સામે ઝિરો ટોલરન્સની નીતિ અપનાવી છેઃ- મુખ્યમંત્રીશ્રી






### CNG સહભાગી યોજના અન્વયે વધુ 164 CNG સ્ટેશન્સ કાર્યરત કરવાના લેટર ઓફ ઈન્ટેન્ટની અર્પણ વિધિ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સંપન્ન

કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ રાજ્યમાં પર્યાવરણ સુરક્ષા સાથે પ્રદૂષણ ઘટાડવા અને ગ્રીન એનર્જીનો વ્યાપ વિસ્તારવા CNGની વાહનચાલકોને સરળતાએ CNG ઉપલબ્ધિની નવતર પહેલ કરી છે. મુખ્યમંત્રીશ્રીએ આ સંદર્ભમાં રાજ્યમાં CNG સહભાગી યોજના અન્વયે વધુ 164 CNG ફિલીંગ સ્ટેશન્સના લેટર ઓફ ઈન્ટેન્ટ ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા અર્પણ કર્યા હતા. રાજ્ય સરકારના સાહસ ગુજરાત ગેસ કંપની દ્વારા આયોજિત આ ઈ-વિતરણ સમારોહમાં મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજયમાં પર્યાવરણ શુદ્ધતા જળવાઈ રહે અને પ્રદૂષણ નિયંત્રણ સાથે વિકાસની ગતિ પણ જારી રહે તેવો રાજ્ય સરકારનો સ્પષ્ટ અભિગમ છે. આ હેતુસર રાજ્યમાં CNG અને PNGનો વધુ ઉપયોગ થાય તેવું સુદ્રઢ આયોજન રાજ્ય સરકારે કર્યુ છે એમ પણ તેમણે ઉમેર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે કહ્યું કે, ગ્લોબલ વોર્મિંગના પડકારોને ઝિલી લઈને તેની સામે ઝિરો ટોલરન્સ સાથે આપણે પર્યાવરણ સુરક્ષાના સંતુલન અને વિકાસની ગતિ જારી રાખવી છે. ગુજરાતે CNG વાહનોનો વધુ ઉપયોગ થાય અને પ્રદૂષણ અટકે તે માટે પેટ્રોલ-ડિઝલના ઈંધણ વિકલ્પરૂપે CNGને પ્રોત્સાહન આપવાની પહેલ કરીને રાજ્યમાં CNG સ્ટેશનોનો વ્યાપ વિસ્તાર્યો છે તેનો ગૌરવ સહ ઉલ્લેખ શ્રી વિજયભાઈ રૂપાણીએ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતમાં ૨૩ વર્ષમાં 542 CNG સ્ટેશન હતા તેની સામે પાછલા બે જ વર્ષમાં 384 CNG સ્ટેશન્સ આપણે કાર્યરત કર્યા છે. તેમણે ઉમેર્યુ કે, CNG સહભાગી યોજના શરૂ કરી ત્યારે 300 CNG સ્ટેશન શરૂ કરવાના લક્ષ્યાંક સામે આજે લક્ષ્યાંકથી પણ વધુ એટલે ૩૮૪ સ્ટેશન્સ રાજ્યમાં થયા છે. સમગ્ર દેશમાં h300 CNG ફિલીંગ સ્ટેશન્સ સામે એકલા ગુજરાતમાં ૬૯૦ એટલે કે કુલ CNG સ્ટેશનના ૩૦ ટકા CNG સ્ટેશન્સ છે તેમ પણ તેમણે ઉમેર્યુ હતું.

શ્રી વિજયભાઈ રૂપાણીએ કહ્યું કે, રાજ્યમાં વધુને વધુ CNG સ્ટેશન્સ શરૂ કરીને કયાંય કોઈ વાહનધારકને CNG માટે લાંબી લાઈનમાં ઊભા રહેવું જ ન પડે તેવી સ્થિતીનું આપણે નિર્માણ કરવું છે. મુખ્યમંત્રીશ્રીએ આગામી દિવસોમાં રાજ્યભરમાં 900 CNG સ્ટેશન્સ કાર્યરત કરવાનો લક્ષ્યાંક તબક્કાવાર પાર પાડવાની પણ નેમ વ્યકત કરી હતી. તેમણે ગુજરાત ગેસ કંપની લિમિટેડ અને સાબરમતી ગેસ લિ.ને આ માટેનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કેપેસિટી બિલ્ડીંગ માટે આયોજન ઘડી કાઢવા પણ સૂચન કર્યુ હતું. મુખ્યમંત્રીશ્રીએ આગામી દિવાળીના તહેવારોના ઉપલક્ષ્યમાં રાજ્યના CNG વાહનધારકોને સરળતાથી CNG ગેસ મળી રહે તેવી અપેક્ષા સાથોસાથ આ નવા CNG ફિલીંગ સ્ટેશન્સ સંચાલકોને પણ સુખ-સમૃદ્ધિની શુભેચ્છાઓ આપી હતી. શ્રી વિજયભાઈ રૂપાણીએ એમ પણ જણાવ્યું કે, પર્યાવરણ સુરક્ષા સાથે વિકાસની ગતિ આપણે કોરોના સંક્રમણ કાળમાં પણ જાળવી રાખી છે. ૧૩ હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસ કામો થયા છે. એટલું જ નહિ, ગિરનાર રોપ-વે, સી-પ્લેન, હજીરા-ઘોઘા રો પેક્ષ સેવાઓ, ડિઝીટલ સેવા સેતુ, સાત પગલાં ખેડૂત કલ્યાણના જેવી જનહિત યોજનાઓથી ગુજરાતને ઉત્તમથી સર્વોત્તમ બનાવવાની પણ દિશા લીધી છે. ઊર્જાના અધિક મુખ્ય સચિવ શ્રીમતી સુનયના તોમરે CNG સહભાગી યોજનાની વિસ્તૃત રૂપરેખા સ્વાગત પ્રવચનમાં આપી હતી. આ અવસરે મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવ અને ઊદ્યોગ અધિક મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, GSPCના એમ.ડી. શ્રી સંજીવકુમાર તેમજ ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ લિ.ના વરિષ્ઠ અધિકારીઓ ગાંધીનગરથી સહભાગી થયા હતા. મુખ્યમંત્રીશ્રીએ પ્રતિકરૂપે પાંચ લાભાર્થીઓને લેટર ઓફ ઈન્ટેટ અર્પણ કર્યા હતા. GSPCના એમ.ડી. શ્રી સંજીવકુમારે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

**-: શ્રી વિજયભાઈ રૂપાણી :-**

- ૨૩ વર્ષમાં ૫૪૨ CNG સ્ટેશન્સ સામે માત્ર પાછલા બે જ વર્ષમાં 384 CNG સ્ટેશન્સ ગુજરાતમાં થયા
- પર્યાવરણપ્રિય CNG-PNGના વ્યાપક ઉપયોગ પર રાજ્ય સરકારે ઝોક આપ્યો છે
- દેશના કુલ h300 CNG ફિલીંગ સ્ટેશનના સૌથી વધુ ૩૦ ટકા ૬૯૦ સ્ટેશન્સ એકલા ગુજરાતમાં
- CNG વાહનચાલકોને હવે CNG માટે લાંબી લાઈનમાં ઊભા રહેવાથી મુક્તિ મળશે
- આગામી દિવસોમાં રાજ્યમાં તબક્કાવાર 900 CNG સ્ટેશન્સ શરૂ કરવાની નેમ છે

## તંત્રી સ્થાનેથી......

બીજા દિવસે, છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા નવા કેસ ૫૦,૦૦૦થી ઓછા નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૯૦૩ વ્યક્તિઓ કોવિડ-૧૯ પરીક્ષણમાં પોઝિટિવ માલૂમ થયા છે. કોવિડ યોગ્ય વર્તનને પ્રોત્સાહન આપતા જન આંદોલનની સફળતા સાથે નવા દૈનિક કેસ ઘટાડાનું વલણ નોંધાવતા રહે છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૮,૪૦૫ દર્દીઓ સ્વસ્થ થતાં નવા કેસની સરખામણીમાં સાજા થયેલા નવા કેસનું વધારાનું વલણ યથાવત છે. આ વલણના પરિણામે ભારતના સક્રિય કેસ ભારણમાં ઘટાડો યથાવત છે, જે હાલમાં ૫.૦૯ લાખ છે. ભારતના કુલ પોઝિટીવ કેસના ૫.૯૫% કેસ વ્યવસ્થાપન અને યોગદાન થકી સક્રિય કેસનું ભારણ હવે ૫,૦૯,૬૭૩ છે.નવા કેસની સરખામણીએ સાજા થયેલા વધુ કેસના વલણ સાથે સાજા થવાના દરમાં પણ વધારો થયો છે. તે હાલમાં ૯૨.૫૬% છે. સાજા થયેલા કેસની કુલ સંખ્યા આજે ૭૯,૧૭,૩૭૩ છે. સાજા થયેલા કેસ અને સક્રિય કેસ વચ્ચેનું અંતર સતત વધીને ૭૪,૦૭,૭૦૦ થઈ ગયું છે.નવા કેસમાં ઘટાડો થતાં ભારતના સંચિત પોઝિટિવિટી દરમાં પણ ઘટાડો થયો છે પરંતુ પરીક્ષણ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું કેન્દ્ર અને રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશોની સરકારની મુખ્ય પ્રતિબદ્ધતા છે. ભારતનો સંચિત પોઝિટિવિટી દર આજે ઘટીને ૭.૧૯% થયો છે. નવા સાજા થયેલા કેસમાંથી ૭૯% કેસ એ ૧૦ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં કેન્દ્રિત હોવાનું મનાય છે. મહારાષ્ટ્રમાં નવા સાજા થયેલા ૮,૨૩૨ કેસ સાથે એક દિવસમાં સાજા થયેલા કેસની મહત્તમ સંખ્યા નોંધાઈ છે. કેરળમાં ૬,૮૫૩ લોકો સાજા થયા છે, ત્યારબાદ દિલ્હીમાં ૬,૦૬૯ લોકો સ્વસ્થ થયા છે. નવા કેસમાંથી ૭૯% કેસ ૧૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના છે. દિલ્હીમાં સૌથી વધુ દૈનિક નવા કેસ નોંધાયા છે, જે અત્યારસુધીમાં ૭,૭૪૫ નવા કેસ સાથે સૌથી વધુ છે. દિલ્હી પછી મહારાષ્ટ્રમાં ૫,૫૮૫ કેસ અને કેરળમાં ૫,૪૪૦ કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં ૪૯૦ લોકોના મૃત્યુ થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયેલા ૫૦૦ કરતા ઓછા મૃત્યુ એ અહેવાલ દર્શાવે છે કે મૃત્યુઆંકમાં સતત ઘટાડો થયો છે. આ ૪૯૦ નવા મૃત્યુમાંથી લગભગ ૮૧% જેટલા મૃત્યુ દસ રાજ્યો / કેન્દ્રશાસિત પ્રદેશોમાં થયા છે. છેલ્લા ૨૪ કલાકમાં મળેલા અહેવાલ મુજબ એક ક્વાર્ટરથી વધુ (૨૫.૫૧%) મહારાષ્ટ્રમાં ૧૨૫ લોકોના મૃત્યુ થયા છે. દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં અનુક્રમે ૭૭ અને ૫૯ નવા મૃત્યુ થયા છે.



# ગુજરાતનો દરિયાઇ કાંઠો ભારતનો ગેટ વે ઓફ ઈન્ડિયા બનશે-: મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી

કમલમ દૈનિક,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ચ્યુઅલ માધ્યમથી હજીરા-ઘોઘા રો-પેક્સ સેવાનો પ્રારંભ કરતા જણાવ્યું હતું કે, દિવાળી અવસરે ગુજરાતના લોકોને તહેવારનો ઉપહાર છે. સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના લોકોનું વર્ષો જુનુ સપનું સાકાર કર્યું છે. તેમણે હજીરાના નવનિર્મિત પોર્ટ ટર્મિનલનું પણ લોકાર્પણ કર્યું હતું. નયા આત્મનિર્ભર ભારતના આયામને સાકાર કરવાના અભિયાન દેશના સમુદ્રી કિનારાઓને વિકાસની પરિભાષાથી સમૃદ્ધ બનાવાશે એમ જણાવી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, દરિયાઇ ક્ષેત્રના વિકાસમાં રો-પેક્સ સર્વિસ ઉત્તમ ઉદાહરણ છે. વ્યાપારની સુવિધા સાથે સર્વશ્રેષ્ઠ કનેકટીવીનો લાભ થશે સમય, ઈંધણની પણ બચત સાથે પર્યાવરણને પણ લાભ થશે. વર્ષમાં ૮૦ હજાર યાત્રીઓ મુસાફરી કરી શકશે. કિસાનો પણ દરિયાઇ માર્ગે સુરક્ષિત રીતે માલનું વેચાણ કરી શકશે. ગુજરાતમાં રો-પેક્સ ફેરી સેવા શરૂ કરવા કઠીનાઈઓ સાથે એન્જિનિયરો, શ્રમિકોનું યોગદાન રહયું છે. જેને હિંમત સાથે કામને વેગ આપ્યો. જેને ભુલી શકાય એમ નથી, એમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું. ગુજરાતનો દરિયાકિનારો સમૃદ્ધ છે.તેનો ઉલ્લેખ કરી વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, બે દશકામાં સામુદ્રિક સામર્થ્ય સાથે પોર્ટ કનેકટીવીટીનો વિકાસ એ ગુજરાતનું ગૌરવ છે. શીપ બિલ્ડીંગ પોલીસી, ટર્મીનલનું નિર્માણ, દહેજમાં સોલિડ કાર્ગો, મુંદ્રા પોર્ટ ટર્મિનલને ગ્રાઉન્ડ લેવલ કનેકટીવી થી જોડયું છે.જેનાથી પોર્ટ સેકટરને નવી દિશા મળી છે. કેન્દ્ર-રાજય સરકારે કોસ્ટલ વિસ્તાર ડેવલપ થાય તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. બુનિયાદી સુવિધાઓ સુનિશ્ચિત કરી છે. ગુજરાતમાં દરિયાઈ કારોબારના વિકાસ માટે ઈન્ફ્રાસ્ટ્રકચર સાથે કેપેસીટી બિલ્ડીંગ પર ખુબ જ ઝડપથી કાર્ય થઈ રહયું હોવાનું વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, સમુદ્રી વ્યાપારને વેગ આપવા મેરીટાઇમ યુનિવર્સિટી દેશનું મોટુ સેન્ટર બનશે. જયાં તાલીમબદ્ધ મેનપાવરનું નિર્માણ થશે તેમજ સમુદ્રી કાનુન અને આંતરરાષ્ટ્રીય વ્યાપાર કાનુનની શિક્ષા સાથે મેરીટાઇમ મેનેજમેન્ટ શીપીંગ અને લોજીસ્ટીકમાં MBA સુધી ની સુવિધા હશે. ઉપરાંત મેરીટાઈમ કલસ્ટર, ભાવનગરમાં વિશ્વકક્ષાનું સીએનજી ટર્મીનલ જેવી અનેક સુવિધાઓ સાથે ગુજરાત બ્લ્યુ ઈકોનોમી ડેવલપ કરવા સજ્જ થઈ રહયું છે. દહેજ-ઘોઘા રો રો ફેરી પુનઃ કાર્યરત કરાશે તેમ જણાવી વડાપ્રધાનશ્રીએ ઉમેર્યું હતું કે, લોથલમાં દેશની સમૃદ્ધી વિરાસતની સાચવણી માટે દેશમાં પ્રથમ નેશનલ મ્યુઝીયમ બનાવાશે. સમૃદ્ર કિનારાના માછીમારોને મદદ માટે અનેક યોજનાઓ બની છે. પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ રૂા.૨૦ હજાર કરોડનો ખર્ચ કરવામાં આવશે. જેનો લાભ ગુજરાતના લાખો માછીમારોને મળશે. સાગરમાલા પ્રોજેકટ અંતર્ગત ૫૦૦ પ્રોજેકટ કાર્યરત છે. વોટર ટ્રાન્સપોર્ટ થી Cost of Logistics ઓછી થશે. સરકારનો પ્રયાસ એક બેસ્ટ ઈકોસીસ્ટમ બનાવવાનો છે. જયાં કાર્ગોની Seamless Movement થઈ શકે એમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, વોટર ટ્રાન્સપોર્ટેશનને વેગ આપવા ફોકસ થઈ રહયું છે. સીસ્ટમ ડેવલપ સાથે ઈન્ફ્રાસ્ટ્રકચરની બેસ્ટ સુવિધા સાથે સિંગલ વિન્ડો સીસ્ટમના સરળીકરણ સાથે કાર્ય થશે. જેથી ખુબ જ ઝડપથી દરિયાઇ ટ્રાન્સપોર્ટેશનને વેગ મળશે. લોજીસ્ટીક પર થતા ખર્ચને ઘટાડવા દેશ Multimodal Connectivity દિશામાં ઝડપથી આગળ વધી રહયો છે. દરિયાઇ માર્ગે પડોશી રાષ્ટ્રો સાથે પણ વ્યાપારની વિપુલ તકો રહી હોવાનું ઉમેર્યું હતું. સરકારે પર્યાવરણ બચાવવાની સાથે વિકાસની ગતી તેજ કરવા દરિયાઇ ટ્રાન્સપોર્ટ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે. હવે દેશ બંગાળની ખાડી, હિન્દ મહાસાગરની અભુતપુર્વ ક્ષમતા સાથે વિકાસની અનુભૂતિ કરી રહયો હોવાનું વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું. દેશમાં નવા આત્મવિશ્વાસનો સંચાર થયો છે તેમ જણાવતાં અને ભારત સરકાર તથા વડાપ્રધાનશ્રીનો આભાર વ્યકત કરતાં રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ગુજરાતનો દરિયાકાંઠો ભારતનો ગેટ વે બનશે તેમ આ પ્રસંગે કહયું હતું. સુરત સાથે સૌરાષ્ટ્રને જોડતી વિશ્વકક્ષાની રો પેકસ સર્વિસના શુભારંભથી ઓછા સમયમાં, ઓછી અંતરના, ઓછા ઈંધણ સાથે પર્યાવરણની સુરક્ષા થશે તેમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ગુજરાતના સર્વાંગી વિકાસમાં વડાપ્રધાનશ્રીની હુંફ, માર્ગદર્શન અને સહાય મળી રહયા છે. જેને કારણે આજે ગુજરાતમાં નવા નવા વિવિધ પ્રોજેકટો શકય બન્યાં છે. અગાઉ ગુજરાતે વર્ષો સુધી અન્યાય સહન કર્યો હતો, પરંતુ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના તમામ સહયોગ થકી ગુજરાત આજે રોલમોડેલ બની શકયું છે. તેમણે ગુજરાતનો ક્રુડ રોયલ્ટીનો વર્ષો જુનો પ્રશ્ન ઉકેલાયો છે તેમ જણાવી કહ્યું હતું કે, ગુજરાતમાં પ્રથમ બુલેટ ટ્રેન પ્રોજેકટ, એઈમ્સ, સંસ્થાઓની નેશનલ ઈન્સ્ટીટયુટ તરીકેની માન્યતા, ટુરીઝમ સેકટર જેવા અનેક ક્ષેત્રોમાં કેન્દ્ર સરકારની મદદ મળી છે. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વધુમાં જણાવ્યું હતું કે, કોરોના કાળમાં જયારે સમગ્ર વિશ્વ સ્થગિત થયું હતું તેવા સમયે ગુજરાતમાં અને દેશમાં વિકાસકાર્યો સ્થગિત રહયા નથી. તેમણે પ્રાચીન સમયમાં પણ ગુજરાત અને તેનો દરિયાકાંઠો સાહસિક વેપારીઓથી ધમધમતો હતો તેમ જણાવી ભવિષ્યમાં પણ ધમધમતો રહેશે તેવી નેમ વ્યકત કરી હતી. કેન્દ્રીય શીપીંગ મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ ગુજરાત માટે સોનેરી અવસર હોવાનું જણાવ્યું હતું. તેમણે કહયું હતું કે, સદીઓથી ગુજરાત દરિયાઇ વ્યાપાર સાથે જોડાયેલું છે. જેને વેગ આપવાનું મહત્વનું કાર્ય સરકારે કર્યું છે. વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશમાં પ્રથમ રો-પેક્સ સેવા શરૂ થઈ છે. લોકોની આકાંક્ષાઓને સરકાર વિકાસના માધ્યમથી પુર્ણ કરી રહી છે. આઝાદીના ૭૦ વર્ષ પછી આત્મનિર્ભર ભારતનું નિર્માણ થઇ રહયું છે. વાડીયા ફેમીલીનો જહાજ બનાવવાનો ઈતિહાસ તેમણે ઉજાગર કર્યો હતો. આ અવસરે સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ઈશ્વરભાઈ પરમાર, આરોગ્ય રાજયમંત્રીશ્રી કિશોરભાઈ કાનાણી તથા સાંસદશ્રી સી.આર.પાટીલે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. આ પ્રસંગે દિનદયાળ પોર્ટ ટ્રસ્ટના અધ્યક્ષ એસ.કે.મહેતા, સાંસદશ્રી શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરત શહેરના મેયરશ્રી જગદીશ પટેલ, જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ પ્રિતીબેન પટેલ, ધારાસભ્યો, અગ્રણીઓ, મેરીટાઈમ બોર્ડના સીઈઓઅવંતિકાસિંઘ,અધિકારીઓ, એસ્સારના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સૂરતીઓ સાથે કર્યો સીધો સંવાદ

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફેરી સર્વિસની શું ફાયદો થવાનો છે તે અંગે સૂરતીઓ સાથે ઈ-માધ્યમથી સીધો સંવાદ કર્યો હતો. આ અવસરે સુરતમાં વર્ષોથી સ્થાયી થયેલા અને મુળ સૌરાષ્ટ્રના ભાવનગર જિલ્લાના ગારિયાધાર તાલુકાના ગણેશગઢ ગામના વતની નંદલાલભાઈ નાકરાણીએ જણાવ્યું કે, હું ડાયમંડ સાથે સંકળાયેલો છું. જેથી મારે વાર-તહેવારે ગામડે જવું પડે છે. રો-પેકસ ફેરી શરૂ થતા દિવાળીના તહેવારો કે લગ્ન પ્રસંગે ગામડે જવું હવે સરળ બન્યું છે. પહેલા જવા માટે ૧૦ થી ૧૨ કલાકનો સમય લાગતો હતો જે હવે ચાર થી પાંચ કલાકમાં કોઈ પણ ટ્રાફિક વિના, ઝડપથી પોતાના વાહન સાથે સેફટી સાથે પહોચી જઈશું. એક જ દિવસમાં ગામડે જઈ કામ પૂર્ણ કરીને સુરત પરત આવી જઈશું. આ ફેરી શરૂ કરવા બદલ વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી તથા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી પ્રત્યે શ્રી નાકરાણીએ આભારની લાગણી વ્યક્ત કરી હતી. સૂરતી ભકિત શાહે વડાપ્રધાનશ્રી સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, અમારા જૈનોનું પવિત્ર યાત્રાધામ જૈનતીર્થ પાલીતાણા ખાતે આવેલું છે. અમે વર્ષમાં અમે એકવાર પાલિતાણા દર્શન કરવા જઈ શકતા હતા. પરંતુ હવે મારી મમ્મી સાથે બાય કાર લઈને એકલી પણ ફેરી મારફતે દર્શન કરવા જઈ શકીશ અને સાંજે પરત પણ ફરી શકીશ. સુરત ખાતે રહેતા વર્ષોથી સ્થાયી થયેલા રત્નકલાકાર અને મૂળ સૌરાષ્ટ્રના પાલિતાણાના ગણધોળ ગામના રહીશ ગીરીશભાઈ નાથાભાઈ વાઘેલાએ વડાપ્રધાનશ્રી સાથે વાતચીત કરતા જણાવ્યું કે, અમે વર્ષમાં ચારથી પાંચ વાર અમારા વતન જઈએ છીએ. આ સુવિધા શરૂ થવાથી અમારા જેવા હજારો રત્નકલાકારો પોતાના વાહન સાથે સરળતાથી જઈ શકશે. જેના કારણે રોડ પરનું ભારણ ઘટવાની સાથે ટ્રાફિક સમસ્યા હળવી બનશે અને અકસ્માતોની સંખ્યા ઘટશે.

## સૂરતીઓને ‘‘વોકલ ફોર લોકલના મંત્ર સાથે તહેવારોની ખરીદી કરવા વડાપ્રધાનશ્રીનો આગ્રહભર્યો અનુરોધ


વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ સુરતવાસીઓને તહેવારોની ખરીદી ‘વોકલ ફોર લોકલ્લના મંત્ર સાથે કરવા આગ્રહ ભર્યો અનુરોધ કર્યો હતો. તેમાં કોઈ કોમ્પ્રોમાઈઝ નહી કરીએ. આ મંત્રને જીવનનો-પરિવારનો મંત્ર બનાવીએ તેમ ભારપૂર્વક જણાવતા વડાપ્રધાનશ્રીએ આ દિવાળીને ‘વોકલ ફોર લોકલ્લના મંત્રને ટર્નિંગ પોઈન્ટ બનાવીએ તેમ કહ્યું હતું. વડાપ્રધાનશ્રીએ કોરોના સમયમાં પૂરી સાવધાની સાથે દિવાળી પર્વ ઉજવવા શુભકામના પાઠવી હતી. સ્થાનિક અને નાના કારીગરો, મહિલા મંડળો, નાના નાના વેપારીઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓ ખરીદીને આ નાના વર્ગના તબકાને પણ તહેવારો ઉજવવા આર્થિક સહયોગ કરવા અને દેશના જ લોકો દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓની ખરીદી કરીએ તેમ વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું.

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી

- ગુજરાતના લોકોને દિવાળી તહેવારનો ઉપહાર મળ્યો છે
- ગુજરાત ભારતના સમુદ્રી દ્વાર તરીકે સ્થાપિત થયું છે.
- સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતના ક્ષેત્રના લોકોનું વર્ષો જુનુ સપનું સાકાર થયું
- આત્મનિર્ભર ભારતના નિર્માણ માટે બ્લ્યુ ઈકોનોમી ડેવલપ કરવા પ્રયાસો થશે
- મલ્ટી મોડેલ કનેક્ટિવિટી સાથે સમુદ્રી વ્યાપાર ડેવલપ થશે
- ભાવનગર ખાતે વિશ્વ કક્ષાનું સીએનજી ટર્મિનલ બનશે

# દાહોદ જિલ્લામાં ફટાક્ડાના ખરીદ વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણો મૂકાયા

### દિવાળીના તહેવારો દરમિયાન રાત્રિના ૮-૦૦ થી ૧૦-૦૦ દરમિયાન જ ફટાક્ડા ફોડી શકાશે



કમલમ દૈનિક,

રાજ્ય સરકારના ગૃહ વિભાગ દ્વારા સુપ્રિમ કોર્ટ દ્વારા જારી કરાયેલા હુકમથી કેટલીક સ્પષ્ટ સુચનાઓ તથા માર્ગદર્શિકાઓને ધ્યાને રાખી દાહોદ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ શ્રી એમ. જે. દવે ભારતીય ફોજરારી કાયરીતિ અધિનિયમ-૧૯૭૩ની કલમ-૧૪૪ તથા ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ ની કલમ ૩૩ (૧) બી અને યુ થી તેમને મળેલી સત્તાની રૂએ એક હુકમ દ્વારા દિવાળી તથા અન્ય તહેવારો દરમિયાન ફોડવામાં આવતા ફટાકડાના કારણે આગ અકસ્માત તથા જાનહાનિના બનાવો ના બને અને જાહેર જનતાની સલામતી અને તેઓને અગવડ ન પડે તે માટે સમગ્ર દાહોદ જિલ્લામાં ફટાકડાના ખરીદ વેચાણ તથા ઉપયોગ ઉપર નિયંત્રણો મૂકયા છે. આ હુકમ થી તા.૧/૧/૨૦૨૧ સુધી અમલી રહેશે. જે અનુસાર દિવાળીના તહેવારો દરમિયાન રાત્રીના ૦૮:૦૦ થી ૧૦:૦૦ કલાક દરમિયાન જ ફટાકડા ફોડી શકાશે. હાનિકારક ધ્વની પ્રદુષણ રોકવા માટે માત્ર PESO સંસ્થા દ્વારા અધિકૃત બનાવટ વાળા અને માન્ય ધ્વની સ્તરવાળા જ ફટાકડા વેચી/વાપરી શકાશે. અને એવા અધિકૃત/માન્ય ફટાકડાના દરેક બોક્ષ ઉપર PESO ની સુચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે. સીરીઝમાં જોડાયેલા ફટાકડાની લૂમથી મોટા પ્રમાણમાં હવા, અવાજ અને ઘન કચરાની સમસ્યા થતી હોવાથી તે દુકાનમાં રાખી કે વેચાણ કરવા, કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયાત કરવા, દુકાનમાં રાખવા કે વેચાણ કરવા, ઈ-કોમર્સ વેબસાઈટ સહિતની કોઈપણ ઈ-કોમર્સ વેબસાઈટ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લેવા કે ઓનલાઈન વેચાણ કરવા તેમજ કોઈપણ પ્રકારના સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુકકલ/ આતશબાજ બલૂન)નું ઉત્પાદન તથા વેચાણ કરવા કે કોઈ પણ સ્થળે ઉડાડવા ઉપર પ્રતિબંધ રહેશે. હોસ્પિટલ, નર્સિંગ હોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલય, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે અને આ વિસ્તારોમાં કોઈપણ પ્રકારના ફટાકડા તેમજ લોકોને અગવડ ઉભી ન થાય અને કોઈ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે જિલ્લામાં આવેલાં બજાર, શેરી, ગલી, જાહેર રસ્તા, પેટ્રોલપંપ, એલ.પી.જી. બોટલિંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ કે અન્ટ સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામોની નજીક દારૂખાનું ફોડી શકાશે નહીં. લાયસન્સમાં દર્શાવેલા સ્થળે જ ફટાકડાનું વેચાણ કરી શકાશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ તથા જી.પી. એકટની કલમ-૧૩૧ હેઠળ સજાને પાત્ર રહેશે.

# યુવાનોએ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી માટે લોક સહયોગ થી રીડિંગ લાયબ્રેરી સ્થાપી,શારીરિક તાલીમ માટે મેદાન બનાવ્યું







કમલમ દૈનિક, અરવલ્લી

સોશ્યલ મીડિયાના માધ્યમથી ફરેડી ગામના યુવાનો સૌપ્રથમ એક બીજા સાથે જોડાયા પછી ગામના વિકાસ માટે યુવાનોને સમગ્ર ગામનો સહયોગ મળ્યો ગ્રામ્ય વિસ્તારોમાં છાપું પણ સમયસર પહોંચતું ન હોય ત્યાં યુવાનો સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે યુવાનો-યુવતીઓ માટે લોક સહયોગથી કુદરતી વાતાવરણ ના થીમ આધારિત ફરેડી રીડિંગ લાયબ્રેરી ખુલ્લી મુકવામાં આવતા સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાન-યુવતીઓમાં આનંદ છવાયો હતો ગ્રામજનોએ યુવકોની સરાહના કરી હતી. યુવાન એટલે બોલેલું ધારેલું કરવાની શક્તિ જેનામાં રહેલી છે તે યુવાન.કહેવાય છે કે મન હોય તો માળવે જવાય આ કહેવતને સાર્થક કરતા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ફરેડી ગામના સરકારી અને ખાનગી ક્ષેત્રે નોકરી રાજ્યના વિવિધ ઠેકાણે નોકરી કરતા યુવાનો લોકડાઉનમાં વતનમાં પહોંચ્યા પછી ગામના વિકાસ અને સમસ્યાઓ માટે ગામના યુવાનો,આગેવાનો અને વડીલોનું “મારું ફરેડી વિકાસશીલ” નામનું વોટ્સએપ્પ ગ્રુપ બનાવ્યા બાદ દરેક સમાજના ગ્રામજનોને સાથે રાખીને સંકલન કરી વિકાસશીલ કાર્યોની,ગામની સમસ્યાઓ અને ગામના યુવાનો ભવિષ્યમાં આગળ વધવા શું જરૂરિયાત છે તે વિષય પર મોબાઈલના વોટસએપ ના માધ્યમથી ચર્ચાઓ કરવામાં આવી ત્યારબાદ ગામના નવયુવાનો દ્વારા વિકાસના કાર્યો કરવા અને ગામની સમસ્યાઓને દૂર કરવા ગામના સર્વ સમાજના યુવાગૃપે ખભેખભા મિલાવીને ફરેડી ગામને વિકાસના કાર્યો કરવા આગેકૂચ કરી યુવાનો માટે આર્મી ,પોલીસ જેવી ભરતી માટે મેદાન તૈયાર કરવામાં આવ્યું. ગામના યુવાનો અને યુવતીઓ માટે સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયારી કરી શકે અને વાંચન કરી શકે તે હેતુસર લાઈબ્રેરી નું ઉદઘાટન કરવામાં આવ્યું જેમાં ફરેડી ગામના સર્વ સમાજના લોકો ,આગેવાનો ,વડીલો,ગામની પ્રાથમિક શાળાના શિક્ષકો લાઈબ્રેરી ના ઉદઘાટન પ્રસંગે હાજર રહીને વિધાર્થીઓ માટે ખુલ્લી મૂકીને યુવાનોએ ઉમદા કાર્ય કર્યું છે.

કહેવાય છે કે પુસ્તકાલય એટલે મનોમંથન,જ્ઞાન અને શિક્ષણ ની પરબ. પુસ્તકાલય એટલે સંસ્કૃતિનું સંગ્રહાલય.ત્યારે ફરેડી ગામના યુવાનો દ્વારા કરેલ નવીન ફરેડી રીડિંગ લાયબ્રેરી માં ગ્રામજનો દ્વારા આર્થિક સહયોગ અને સહકાર આપી યુવાનો ની આ કામગીરીને ગ્રામજનોએ બિરદાવી ને પ્રોત્સાહિત કર્યા હતા.અને ફરેડી ગામમાં સૌ પ્રથમ વાર લાયબ્રેરી થતા ગ્રામજનોએ હર્ષની લાગણી અનુભવી હતી.

# પ્રતિષ્ઠિત સાહિત્યકાર-લેખક સવાયા ગુજરાતી ફાધર વોલેસને મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીની શ્રદ્ધાંજલિ



કમલમ દૈનિક,

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ લબ્ધપ્રતિષ્ઠિત સાહિત્યકાર-લેખક ફાધર વોલેસના દુઃખદ અવસાન અંગે શોકની લાગણી વ્યકત કરી શ્રદ્ધાંજલી પાઠવી છે. મુખ્યમંત્રીશ્રીએ શોકાંજલિ પાઠવતાં જણાવ્યું છે કે, ફાધર વોલેસ જન્મે ગુજરાતી ન હોવા છતાં ગુજરાતી ભાષા સાહિત્યમાં પોતાની લેખની અને પુસ્તકો-નિબંધ-પ્રવાસ વર્ણન દ્વારા સવાયા ગુજરાતી તરીકે એક આગવી છાપ ઉપસાવી હતી. સદગતના અવસાનથી ગુજરાતી સાહિત્ય-લેખન જગતને મોટી ખોટ પડી છે તેમ જણાવતાં મુખ્યમંત્રીશ્રીએ સ્વ. ફાધર વોલેસના આત્માની પરમશાંતિની પ્રાર્થના પણ કરી છે.






# શિક્ષણમંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, શિક્ષણ રાજ્યમંત્રી સુશ્રી વિભાવરીબેન દવે અને સાંસદ શ્રીમતિ ભારતીબેન શિયાળની ઘોઘા-ભાવનગર ખાતે પ્રેરક ઉપસ્થિતિ

કમલમ દૈનિક,

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઘોઘા-હજીરા રો-પેક્સ ફેરીનું ઇ-લોકાર્પણ કર્યું હતું. મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને કેન્દ્રિય શિપિંગ મંત્રી શ્રી મનસુખ માંડવીયાએ સુરત-હજીરા ખાતે ઉપસ્થિત રહી રો-પેક્સ ફેરીનું ઇ-લોકાર્પણ કર્યું હતું. શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, આજનો દિવસ ફક્ત ભાવનગર જિલ્લાના નાગરિકો માટે નહીં પણ સમગ્ર સૌરાષ્ટ્ર સહિત સુરતીજનોને દિવાળીની ભેટ છે. રો-પેક્સ ફેરી સર્વિસ થકી રાજ્ય પરિવહન ક્ષેત્રે નવા આયામો પ્રસ્થાપિત થશે તેમ જણાવતા ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે, આ સર્વિસ થકી રાજ્યમાં પરિવહન ક્ષેત્રનો સર્વાંગી, સમતોલ અને સંપૂર્ણ વિકાસ થશે. હજીરા ઘોઘા રો-પેકસ ફેરી સર્વિસ દ્વારા ભાવનગર થી સુરત હીરા, કાપડ જેવા વિવિધ ઉદ્યોગોમાં રોજગારી રળતા સૌરાષ્ટ્રજનો માટે આ સુવિધા પરિવહન સુખાકારીમાં વધારો કરશે તેમ ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ ઉમેર્યું હતું. શ્રી ચુડાસમાએ કહ્યું કે રો-પેકસ ફેરી સર્વિસના કારણે પરિવહનના અંતર ઘટવાથી સમયની સાથે ઈંધણની પણ બચત થશે, પર્યાવરણની શુદ્ધિ થશે. આ બચત ઉદ્યોગકારોને આર્થિક ઉપજના અન્ય ક્ષેત્રે સશક્ત બનાવશે. તેઓએ ઉમેર્યુ કે, રો-પેકસ ફેરી સર્વિસના કારણે સુરત અને ભાવનગરનાં લોકોમાં કારોબારની સુમેળભરી આપ-લે થશે જેના થકી સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના નાગરિકોનું જીવનધોરણ ઉંચુ આવશે. શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કહ્યું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ જ્યારે દેશની ધુરા સંભાળી ત્યારથી બહુઆયામી વિકાસ ચોપડીમાંથી વ્યવહારમાં આવ્યો છે. તેઓએ ઉમેર્યુ કે, ૨૫ વર્ષ પહેલા ઔદ્યોગિક વિકાસ અમદાવાદથી વાપી સુધી સીમિત હતો. પરંતુ નરેન્દ્ર ભાઈ મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી બન્યા ત્યારથી લઈ આજ દિન સુધી આ વિકાસ સમગ્ર રાજ્યમાં શક્ય બન્યો છે. શિક્ષણ રાજયમંત્રી સુશ્રી વિભાવરીબેન દવેએ કહ્યું કે, આજે વાહનવ્યવહાર ક્ષેત્રે રોડ પરિવહનનો સૌથી વધુ ઉપયોગ થાય છે. જો કે રોડ પરિવહન એ વધતો ટ્રાફિક અને અકસ્માત જેવી સમસ્યા ધરાવે છે. આથી જ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'ઉડાન' યોજના થકી હવાઈમાર્ગે પરિવહનનો ઉપયોગ વધાર્યો અને ત્યારબાદ જળપરિવહનની દિશામાં વડાપ્રધાને દેશમાં વિવિધ પ્રકલ્પોની શરૂઆત કરાવી. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ઘોઘા દહેજ રો-રો ફેરીની શરૂઆત બાદ ઘોઘા હજીરા પણ દરિયાઈ માર્ગે જોડાય તેવી માગણી ઊઠી હતી જે આજે પૂર્ણ થઇ છે. ભાવનગરથી સુરતનું ૧૨ કલાકનું રોડ પરિવહન ઘોઘા હજીરા રો-પેક્સ ફેરીથી ૪ કલાકમાં પૂરું થશે. રાજ્યમંત્રીશ્રીએ કહ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી આર્ષદૃષ્ટા છે. હજીરા-ઘોઘા રો-પેકસ ફેરીથી ઈન્ટરસિટી કનેક્ટિવિટી શક્ય બની છે. આવનારા વર્ષોમાં ઘોઘા પોર્ટ આંતરરાજ્ય (ઈન્ટરસ્ટેટ) અને આંતરરાષ્ટ્રીય (ઈન્ટરનેશનલ) જળમાર્ગીય પરિવહનનું કેન્દ્ર બનશે. તેઓએ જણાવ્યું કે, ગત ૩૧ ઓક્ટોબરે એક જ દિવસમાં વડાપ્રધાનશ્રીએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે અગિયારસો કરોડના વિકાસકાર્યોના લોકાર્પણ કર્યા હતા.

**ભૂપેન્દ્રસિંહ ચુડાસમા**

- હજીરા-ઘોઘા રો-પેક્સ ફેરી સર્વિસથી રાજ્ય જળપરિવહન ક્ષેત્રે નવો અધ્યાય શરૂ થયો
- રો-પેક્સ ફેરી સર્વિસ ઉદ્યોગકારોના સમય અને ઈંધણની બચત કરી આર્થિક જીવન ધોરણની સાથે જીવનશૈલીમાં સુધાર લાવશે

**સાંસદ શ્રીમતી ભારતીબેન શિયાળ**

- ટ્રાફીકમાં ઘટાડો, ઈંધણની બચત અને પર્યાવરણને લાભ જેવા અનેક ફાયદાઓ લઈને રો-પેક્સ ફેરી ભાવનગરના આંગણે આવી છે
- વડાપ્રધાનશ્રીએ સુરત અને સૌરાષ્ટ્રને દરિયાઇ માર્ગે જોડીને સમગ્ર ગુજરાતને દિવાળીની અનમોલ ભેટ આપી છે

**શિક્ષણ રાજયમંત્રી સુશ્રી વિભાવરીબેન દવે**

- આવનારા વર્ષોમાં ઘોઘા પોર્ટ આંતરરાજ્ય (ઈન્ટરસ્ટેટ) અને આંતરરાષ્ટ્રીય (ઈન્ટરનેશનલ) જળમાર્ગીય પરિવહનનું મથક બનશે
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વ થકી ગુજરાત અને સમગ્ર રાષ્ટ્રની વિકાસગતિ તેજ બની

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ થકી ગુજરાત અને સમગ્ર રાષ્ટ્રની વિકાસગતિ તેજ બની છે. સાંસદ શ્રીમતી ભારતીબેને કહ્યું છે કે, ગ્લોબલ વોર્મિંગ-વધતુ તાપમાન, હિમશિખરોનું પિગળવું અને વાયુ પ્રદૂષણ આજે વિશ્વ સામે મોટા પડકારો છે. રોડમાર્ગીય પરિવહન-વાહન વ્યવહારને કારણે ફેલાતું પ્રદુષણ અનેક પ્રશ્નો લઈને આવે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી જ આ બાબતે ચિંતા કરી છે. ગુજરાતને ૧૬૦૦ કિલોમીટર લાંબો દરિયાકિનારો અને વિશાળ સમુદ્ર મળ્યો છે. કુદરતી સંપદાનો જનકલ્યાણ અર્થે ઉપયોગ થાય, જળમાર્ગીય પરિવહન થકી રોડમાર્ગીય પરિવહન પરનું ભારણ ઘટે અને પ્રદૂષણ ઓછું થાય તેનો વિચાર હંમેશા વડાપ્રધાનશ્રી કરતા આવ્યા છે તેમ તેમણે ઉમેર્યું હતું. તેઓએ કહ્યું કે, આધુનિક પડકારોના ઉકેલ માટે પરંપરાગત વિચારોથી ઉપર ઉઠી નવીનતમ પ્રકલ્પો સાથે આગળ આવવું અનિવાર્ય છે. આથી જ વડાપ્રધાનશ્રીએ હંમેશા વોટર કનેક્ટિવિટી પર ભાર આપ્યો છે. સૌરાષ્ટ્રને અન્ય વિસ્તાર સાથે સમુદ્રી માર્ગે જોડવા માટે ઘોઘા પોર્ટ સર્વશ્રેષ્ઠ છે. સાંસદશ્રીએ કહ્યું કે, 'લંકાની લાડી અને ઘોઘાનો વર' કહેવત ઘોઘા બંદર દેશ-વિદેશ સાથે દરિયાઇ માર્ગે વર્ષોથી જોડાયેલું હોવાનો સૂચિતાર્થ કરે છે. ટ્રાફીક ભારણમાં ઘટાડો, ઈંધણની બચત અને પર્યાવરણને લાભ જેવા અને ફાયદાઓ લઈને આ રો-પેક્સ ફેરી ભાવનગરના આંગણે આવી છે. વડાપ્રધાનશ્રીએ સુરત અને સૌરાષ્ટ્રને દરિયાઇ માર્ગે જોડીને સમગ્ર ગુજરાતને દિવાળીની અનમોલ ભેટ આપી છે તેમ તેમણે ઉમેર્યું હતું. સાંસદ શ્રીમતિ ભારતીબેન શિયાળે કહ્યું કે, વડાપ્રધાનશ્રીના નેતૃત્વ અને દિશા સૂચનને કારણે સુરત અને સૌરાષ્ટ્રને જોડતી રો-પેક્સ સેવા ગુજરાતને મળી છે.સાંસદ શ્રીમતી ભારતીબેને કેન્દ્રીય શિપિંગ મંત્રી શ્રી મનસુખ માંડવિયાના રો-પેક્સ ફેરી કાર્યાન્વિત કરવા માટેના પરિશ્રમનો ઉલ્લેખ કરી મંત્રીશ્રીનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે ધારાસભ્ય સર્વે શ્રી જીતુભાઇ વાઘાણી, શ્રી કેશુભાઈ નાકરાણી, શ્રી ભીખાભાઈ બારૈયા, શ્રી આર.સી.મકવાણા, ગુજરાત હાઉસીંગ બોર્ડના ચેરમેનશ્રી મહેન્દ્રસિંહ સરવૈયા, મેયર શ્રી મનહરભાઈ મોરી, જિલ્લા પંચાયત પ્રમુખ શ્રીમતી વકતુબહેન મકવાણા, જિલ્લા કલેકટર શ્રી ગૌરાંગ મકવાણા, જિલ્લા વિકાસ અધિકારી શ્રી વરૂણકુમાર બરનવાલ સહિતના પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સમગ્ર વિશ્વમાં ભગવાન શ્રી રામ લોકચેતનાના જનનાયક તરીકે પ્રસ્થાપિત થશે - રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત

## હરિયાણા ખાતે આયોજિત ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનના સમાપન સત્રમાં વેબિનારથી સંબોધન કરતા રાજયપાલશ્રી



કમલમ દૈનિક,

ભારતીય સંસ્કૃતિમાં ભગવાન શ્રી રામ અને યોગેશ્વર શ્રીકૃષ્ણ એ બે મહાન મહાપુરુષોનું મહત્વ રહ્યું છે તેમાંથી માનવજીવનને નવી ચેતના, નવા વિચારો અને ચિંતન મળી રહે છે એમ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે ડિજિટલ પ્લેટફોમના માધ્યમથી એક વેબિનારમાં જણાવ્યું હતુ. ભારતીય શિક્ષા મંડળ હરિયાણાના ઉપક્રમે દિન બંધુ છોટું રામ વિજ્ઞાન પ્રાદ્યોગિક વિશ્વ વિદ્યાલય સોનીપત, હરિયાણાના સહયોગથી યોજોયેલાં ''ભગવાન રામ લોકચેતના કે જનનાયક સાંસ્કૃતિક ઔર સાહિત્યલક્ષ્ય વિષય પરના ત્રિદિવસીય આંતરરાષ્ટ્રીય સંમેલનના સમાપન સત્રના મુખ્ય અતિથિપદેથી રાજયપાલશ્રીએ વેબિનારથી સંબોધન કર્યુ હતુ. સાંપ્રત સમયમાં પશ્ચિમી સંસ્કૃતિના પ્રભાવ હેઠળ ભૌતિકવાદમાં રાચતા પરિવારો વિભક્ત થઈ રહ્યા છે, સમાજ તૂટી રહ્યો છે તેવા સમયે મર્યાદા પુરુષોત્તમ શ્રી રામનું જીવન દર્શન નવી પેઢીને પ્રેરણા સ્રોત બની રહ્યું છે. જીવનની કોઈ પણ સમસ્યાઓનો ઉકેલ ભગવાન શ્રી રામના જીવન ચરિત્રમાંથી મળી રહે છે. રાજ્યપાલશ્રીએ વધુમાં જણાવ્યું હતુ કે, ભગવાન શ્રી રામે રાજપાટ અને વૈભવી જીવનનો ત્યાગ કરીને પિતાની આજ્ઞાનું પાલન માતા પ્રત્યે માયાળુ વ્યવહાર, પત્ની પ્રત્યે કર્તવ્ય પરાયણ પ્રેમ, ભાઈ પ્રત્યે ભાતૃ પ્રેમ જેવા આદર્શો સાથે ખરા અર્થમાં મર્યાદા પુરુષોત્તમના દર્શન કરાવેલ છે. ભારતીય સંસ્કૃતિમાં સદીઓથી ભગવાન શ્રી રામનું મહત્વ સ્વીકારવામાં આવ્યું છે ત્યારે, આ વેબિનારથી ભગવાન શ્રી રામ સમગ્ર વિશ્વમાં લોકચેતનાના જનનાયક તરીકે પ્રસ્થાપિત થશે તેવી શ્રદ્ધા તેમણે વ્યક્ત કરી હતી.

# કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ જિલ્લાને દેશનો મોડલ જિલ્લો બનાવવા સૂચનાઓ આપી




## અમદાવાદ જિલ્લાની ડીસ્ટ્રીક્ટ ડેવલપેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનીટરીગ કમિટી (દિશા)ની બેઠક કેન્દ્રિય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં યોજાઇ

કમલમ દૈનિક,

કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં અમદાવાદ જિલ્લાની **District Development Co-ordination and monitoring committee**ની બેઠક યોજાઈ હતી. આ સમીક્ષા બેઠકને વિડિયો કોન્ફરન્સથી સંબોધતા કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદ જિલ્લાને સમગ્ર દેશમાં મૉડલ રૂપ બનાવવા દિશા નિર્દેશ આપ્યા હતા અને અન્ય જિલ્લાઓ માટે પ્રેરણારૂપ બનવા હાકલ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીશ્રીએ જિલ્લા વહીટીતંત્રને ખેતીમાં પાક ફેરબદલી પર ભાર મુકવા માટે ખેડૂતોને જરૂરી માર્ગદર્શન આપવા અનુરોધ કર્યો હતો અને જૈવિક ખેતી તરફ વાળવા તાકીદ કરી હતી. આ બેઠક બાદ પ્રતિભાવ આપતા અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલે કહ્યું હતું કે જિલ્લા વહીવટીતંત્ર નાગરિકોના જીવનને ઉત્તમથી સર્વોત્તમ બનાવવા કટિબદ્ધ છે અને 'દિશા' દ્વારા અમદાવાદ જિલ્લાના વિકાસની નવી દિશા આપવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. જિલ્લા વિકાસ અધિકારીશ્રી અરુણ મહેશ બાબુ એ કહ્યું કે જિલ્લામાં સામાજિક સુરક્ષાની યોજનાને પ્રાથમિકતા આપવામા આવશે. ઉલ્લેખનીય છે કે આ દિશા બેઠકમાં ૨૩ વિભાગોના કામની સમીક્ષા કરવામાં આવી હતી, જેમાં સ્માર્ટ સિટી, બેટી બચાઓ, બેટી પઢાઓ, ઈ- ગામ-વિશ્વ ગ્રામ વગેરે યોજનાઓની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં અમદાવાદ જિલ્લામાં સેકસ રેશિયોના સ્તરમાં સુધારો કરવા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો હતો. જિલ્લામાં જાતિ પ્રમાણ(**Sex-Ratio**)ના સ્તરમાં સુધારો કરવા માટે જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાંગલે અને જિલ્લા વિકાસ અધિકારીશ્રી મહેશ બાબુ એ 'સવાયુ સન્માન' 'કન્યા શક્તિ પૂજન 'અને 'આંતરરાષ્ટ્રીય કન્યા બાળ દિવસ'ની ઉજવણી જેવા પ્રકલ્પો અમલી બનાવવામાં આવ્યા હોવાનો વિશેષ ઉલ્લેખ કર્યો હતો. બેઠકમાં પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ, પ્રધાનમંત્રી ફસલ બીમા યોજના અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જાહેર કરેલા આ કૃષિ રાહત પેકેજના અમલીકરણને વધુ સઘન બનાવવા માટે સૂચનાઓ આપી હતી. આ ઉપરાંત આ સમીક્ષા બેઠકમાં નાગરિકોના સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપતી આયુષ્યમાન ભારત યોજનામાં એનરોલમેન્ટ એને ક્લેમ રિપોર્ટની પણ સમીક્ષા કરવામાં આવી હતી. અમદાવાદ જિલ્લામાં ચાલતા 'સહારા' પ્રોજેક્ટ, 'લાઈફ લાઈન' પ્રોજેક્ટ, 'કદમ' પ્રોજેક્ટ અને 'રાહત' જેવા વિવિધ મહત્વકાંક્ષી પ્રોજેક્ટનો પણ વિશેષ ઉલ્લેખ કરાયો હતો. આ બેઠકમાં સાંસદ શ્રી કિરીટભાઈ સોલંકી, મહેસૂલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલ, ગૃહમંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજા, શ્રી નરહરિ ભાઈ, અમદાવાદ શહેરના મેયર શ્રીમતી બિજલબેન પટેલ, અમદાવાદ જિલ્લા પંચાયતના પ્રમુખશ્રી અને ધારાસભ્યશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દાહોદને શાકભાજી પૂરૂ પાડતા રાણાપુર ખુર્દને સિંચાઇ યોજનાનો લાભ મળ્યો

## રાણાપુર ખુર્દ ઉદ્વહન સિંચાઇ યોજનાથી ગામના ૧૫૦ ખેડૂતોની વાડી સુધી સિંચાઇનું પાણી પહોંચતું થયું







કમલમ દૈનિક,

દાહોદ નગરને શાકભાજી પૂરૂ પાડતા ગામ રાણાપુર ખુર્દના ખેડૂતોને તેમની વાડી સુધી પીયતનું પાણી આપવાની રૂ. ૯૭ લાખની ઉદવહન સિંચાઇ યોજનાનું સાંસદ શ્રી જસવંતસિંહ ભાભોર અને ધારાસભ્ય શ્રી વજેસિંહ પણદાના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યું છે. આ યોજનાથી દોઢ સો ખેડૂતોને તેમની ૭૦ હેક્ટર એકર જેટલી જમીનમાં સિંચાઇની સુવિધા મળશે. સામાન્ય સંજોગોમાં બારેય માસ પાણી ધરાવતી ખાન નદીના કિનારે આવેલા રાણાપુર ખુર્દ ગામના ખેડૂતો ધાન્ય પાકો ઉપરાંત શાકભાજી પાકોનું વાવેતર બહુધા કરે છે. તેમાંય વિશેષ કરીને દાહોદમાં આવતો મોટા ભાગનો ગુવાર આ ગામનો હોય છે. ખાન નદીના કિનારો હોવાથી અત્યાર સુધી ખેડૂતો પોતાની રીતે સિંચાઇનું પાણી મેળવતા હતા. નદીથી નજીક હોય તેવા ખેડૂતોને વિશેષ ફાયદો થતો હતો. એક વિશેષ વાત એ છે કે, નદીમાં ખેડૂતો દ્વારા ૫૦૦થી ૭૦૦ ડિઝલ એન્જીન બેસાડી પોતાની રીતે પાણી લેવામાં આવતું હતું. વળી, આ એન્જીન ભાડે લેવામાં આવતા હતા. તે હિસાબે ગણતરી કરવામાં આવે તો એન્જીનનું એક કલાકનું ભાડું રૂ. સો અને ડિઝલનો કલાકમાં વપરાશને ધ્યાને લઇ ખેડૂતોને એક કલાક પીયત કરવાનું રૂ. અઢી સોમાં પડતું હતું. હવે, આ યોજનાથી પાઇપ મારફત વાડી સુધી પાણી આવતા માત્ર રૂ. ૮૦થી ૧૦૦માં પીયત કરી શકાશે. યોજનાની વિગતો જોઇએ તો ખાન નદીમાંથી પાણીનું વહન કરવામાં આવશે. તેમાં ૮૭૫ મિટર લાંબ મુખ્ય પાઇપ લાઇન અને ૫૧૭૪ મિટર વિતરણ લાઇન બિછાવવામાં આવી છે. વિતરણ લાઇન ઉપર ૩૭ કુંડી મૂકવામાં આવી છે. પાણીનું વહન કરવા માટે ૨૦ હોર્સ પાવરનો એક એવા ત્રણ પમ્પ મૂકવામાં આવ્યા છે. ખાસ કેન્દ્રીય સહાય હેઠળ જળસંપતિ નિગમ દ્વારા આ યોજના સાકાર થઇ છે. લોકાર્પણ વેળાએ ધારાસભ્યશ્રી વજેસિંહ પણદા, એપીએમસીના ચેરમેન કનૈયાભાઈ કિશોરી સરપંચ શ્રી બચુભાઇ પારગી, અગ્રણીશ્રી શંભુભાઇ, શ્રી સુધીરભાઇ લાલપુરવાળા, શ્રી દીપેશભાઇ લાલપુરવાળા, શ્રી જીથરાભાઇ ડામોર, નાયબ કાર્યપાલક ઇજનેર શ્રી દેવનાની સહિત ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# પ્રધાનમંત્રીએ ઉત્તરાખંડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી



કમલમ દૈનિક,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ઉત્તરાખંડના લોકોને તેમના રાજ્યના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી છે. પ્રધાનમંત્રીએ કહ્યું, "રાજ્યના સ્થાપના દિન નિમિત્તે ઉત્તરાખંડના રહેવાસીઓને હાર્દિક અભિનંદન. પ્રગતિના માર્ગ પર અગ્રેસર રહે, કુદરતી સંપત્તિ અને કુદરતી સૌંદર્યથી ભરેલું આ રાજ્ય વિકાસની નવી ઉંચાઈને સ્પર્શ કરતું રહે."

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-PAVANPUTRA OFFSET G.I.D.C.,SECTOR-28GANDHINAGAR, GUJARAT- 382028 •Published at A-3, Plot no R-13, Tanishq complex, New greencity, Sector -26, Gandhinagar (gujarat) 382028